# સુરત : માધવબાગમાં ત્રણ દિવસ સુધી પાણી ન ઓસરવા પાછળ સ્થાનિકો પણ જવાબદાર

## ધાર્મિક-સામાજિક પ્રસંગ દરમિયાન કચરો-એઠવાડ ખાડીમાં ફેંકવા માટે ગાબડાં પાડ્યા હોવાનો ઘટસ્ફોટ, સફાઈ દરમિયાન તંત્રના ધ્યાને આવતાં ગાબડાંઓના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧

સુરત શહેરના લિંબાયત ઝોનમાં આવેલ માધવબાગ વિસ્તારમાં ત્રણ દિવસ સુધી ખાડીપુરનાં પાણી ન ઓસરતાં લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. આ વિસ્તારમાં દર વર્ષે ખાડીપૂરને કારણે સેંકડો પરિવારોની હાલત કફોડી થવા પામતી હોય છે. અલબત્ત, ખાડીપૂરનાં પાણી ઓસર્યા બાદ વહીવટી તંત્ર દ્વારા મોટા પાયે સફાઈ ઝુંબેશ હાથ ધરતાં સ્થાનિકો દ્વારા ખાડીની દિવાલમાં ઠેર-ઠેર ગાબડાં પાડવામાં આવ્યા હોવાનો ઘટસ્ફોટ થવા પામ્યો છે. જેને પગલે ખાડી ઓવરફ્લો થાય તે પહેલાં જ આ વિસ્તારમાં ખાડીપૂરનાં પાણી ઘુસી ગયા હતા અને જે સ્થળે ગાબડાં પાડવામાં આવ્યા હતા ત્યાં સુધી ખાડીનું લેવલ પહોંચ્યા બાદ જ પાણી ઓસરવાનું શરૂ થયું હતું. સ્થાનિકો દ્વારા સામાજિક-ધાર્મિક પ્રસંગો દરમિયાન કચરાથી માંડીને એંઠવાડ ફેંકવા માટે આ પ્રકારનાં ગાબડાં પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ ત્રણ દિવસ સુધી ખાડીપૂર માટે સ્થાનિકોની જ ભૂંડી ભુમિકા હોવાનો ચોંકાવનારો ખુલાસો થતાં હવે વહીવટી તંત્ર દ્વારા ગાબડાં પુરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

સુરતમાં દર વર્ષે ખાડીપૂરને પગલે લાખો નાગરિકોને હેરાનગતિનો સામનો કરવો પડતો હોય છે. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ખાડીઓ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાવા પામતી હોય છે. જોકે, આ વર્ષે ખાડીપૂરને કારણે માધવબાગ સહિતના વિસ્તારોમાં ત્રણ-ત્રણ દિવસ સુધી ખાડીના પાણી ન ઓસરતાં લોકોમાં વહીવટી તંત્ર વિરૂદ્ધ ભારોભાર રોષ ફાટી નીકળ્યો હતો. સોશિયલ મીડિયામાં ખાડીપૂર માટે વહીવટી તંત્રનાં માથે સ્થાનિકો દ્વારા માછલાં ધોવામાં આવ્યા હતા. જોકે, હવે ખાડીપૂરનાં પાણી ઓસરી ચૂક્યા છે અને વહીવટી તંત્ર દ્વારા સાફ-સફાઈ અભિયાન હાથ ધરતાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે.

### તંત્ર દ્વારા હવે પોલીસ ફરિયાદની ચીમકી

દર વર્ષે ચોમાસાનાં પ્રારંભ સાથે જ ઉપરવાસમાં ભારે વરસાદનું આગમન થતાં લિંબાયત સહિત શહેરનાં અલગ-અલગ વિસ્તારોમાં ખાડીપૂરની સમસ્યા સર્જાવા પામતી હોય છે. જોકે, આ વખતે માધવબાગ વિસ્તારમાં ત્રણ દિવસ સુધી પાણીનાં ભરાવા પાછળ ખાડીની પ્રોટેકશન વોલ સાથે ચેડાં કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેને પગલે લિંબાયત ઝોન હવે આકરાં પાણીએ નજરે પડી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા હાલમાં ખાડી વોલમાં પાડવામાં આવેલા કાણાઓ દૂર કરવામાં આવી રહ્યા છે અને ભવિષ્યમાં આ પ્રકારનું કૃત્ય કરનારાઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની પણ તજવીજ હાથ ધરવામાં આવશે.

# ભાવનગર : નારીમાં વીજતંત્રનું ડિવિઝન મંજૂર

## નારી ગ્રામ્ય સબ ડિવિઝન કચેરીમાં અધિકારી સહિત ૪૬ના નવા સ્ટાફની ફાળવણી

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧

ભાવનગર શહેરના વિકાસની સાથે વીજળીની માંગમાં પણ વધારો થઈ રહ્યો છે. જેમાં ખાસ કરીને શહેરના ચિત્રા વિસ્તારમાં પીજીવીસીએલનું નવું સબ ડિવિઝન શરૂ કરવાની લાંબા સમયની માંગણી હતી. લોક માંગણીને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે નારીમાં PGVCL નવું નારી ગ્રામ્ય સબ ડિવિઝન બનાવવા મંજૂરીની મહોર મારી છે, આ માટે ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીએ ઉઠાવેલી જહેમત રંગ લાવી હતી. ભાવનગર સિટી ડિવિઝન-૨ના ચિત્રા સબ ડિવિઝન અને પી.જી.વી.સી.એલ. ભાવનગર ગ્રામ્ય ડિવિઝનના વલ્લભીપુર સબ ડિવિઝનના પુનર્ગઠન સાથે નવા નારી સબ ડિવિઝનની રચના કરવામાં આવી છે. નારી ગ્રામ્ય સબ ડિવિઝન કચેરીમાં અધિકારી સહિત ૪૬ના નવા સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે. શહેરના ચિત્રા, ફુલસર અને નારી વોર્ડમાં વીજળીની સમસ્યાને લઈ ભાવનગર પશ્ચિમ વિભાગના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, સહિતના આગેવાનોની માંગ સંતોષાતા સરકારના નિર્ણયને આવકાર્યો હતો.

# કોર્પોરેશનની ટીમે બુલડોઝર ફેરવ્યું

## ભાવનગરમાં કુંભારવાડા નારી રોડ ફોરલેન માટે ૪૦થી વધુ દબાણો તોડી પડાયા

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧

શહેરના કુંભારવાડાથી નારી સુધીના સુચિત ફોરલેન માટે અડચણરૂપ દબાણો પર આજે કોર્પોરેશનની ટીમે બુલડોઝર ફેરવી વિકાસ માટે માર્ગ મોકળો કર્યો હતો. લગભગ ૪૦થી વધુ તબાણો તોડી પડાયા હતા જેમાં મકાનના રૂમ, દુકાનો, બાથરૂમ અને ચાર ધાર્મિક દબાણોનો પણ સમાવેશ થાય છે. કુંભારવાડા અવેડાથી દશ નાળા નારી ગામ સુધી કોર્પોરેશન દ્વારા ફોરલેન રસ્તો બનાવવાનું આયોજન છે. આ કામમાં નડતરરૂપ ગેરકાયદે પાકા દબાણો હટાવવા જરૂરી હતા. જેથી કરીને વિકાસ કાર્યોમાં અવરોધ દુર થાય. મહાપાલિકાની એસ્ટેટ વિભાગની ટીમે આજે એક બુલડોઝર સાથે ડીમોલિશન પાર પાડ્યું હતું.

# ઉકાઈ ડેમમાં પાણીની સપાટી ૩૧૮.૯૨ ફૂટ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧

ઉપરવાસમાં વરસાદને કારણે ઉકાઈ જળાશયમાં નવા નીરની આવક સતત ચાલુ થઈ ગઈ છે. તાપી નદી ઉપર આવેલ ઉકાઈ ડેમની સપાટીમાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. બીજી તરફ ઉપરવાસમાંથી હવે પાણીનો આવરો પણ ડેમમાં સમાઈ રહ્યો છે ત્યારે આજે મંગળવારે સવારે ૮ કલાકે ઉકાઈ ડેમમાં ૩૩,૩૬૮ ક્યુસેક પાણીની આવક થઇ રહી છે અને સપાટી ૩૧૮.૯૨ ક્યુસેક ઉપર પહોંચી છે પાણીની આવક જોતા આજે સાંજ સુધીમાં ૩૧૯ ફૂટને પાર કરી જવાની સંભાવના જોવાઈ રહી છે સાથે જ ડેમમાંથી ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે ઉપરાંત ઉપર વાતમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં આવેલા પ્રકાશા ડેમમાંથી ૫,૭૯૧ ક્યુસેક અને હથનુર ડેમમાંથી ૨,૦૪૮ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે જે પાણી ઉકાઈ ડેમમાં આવી રહ્યું હોવાનું ઉકાઈ ડેમના સત્તાધીશો દ્વારા જણાવાઈ રહ્યું છે.

# કોડીનારના કાજ ખાતે જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઇ

## જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી અપાઈ



(સંવાદદાતા દ્વારા)કોડીનાર, તા.૧

જિલ્લા મહિલા અને બાળ અધિકારી તેમજ દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ખાતે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર (GHCL) ખાતે કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઇ હતી. આ શિબિરમાં તાલુકા કાનૂની સેવા સત્તા મંડળના પેરા લીગલ વોલિયેન્ટર પ્રકાશ મકવાણા દ્વારા "કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩" વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. સાથે જ આ કાયદા સંબંધે તેમજ જો કોઈ મહિલા જાતીય સતામણીનો ભોગ બને તો તેમણે શું પગલા લેવા ? તે અંગે વિગતે માહિતી આપવામાં આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કાર્યરત વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં 'સંકલ્પ' DHEWનો સ્ટાફ, સખી વન સ્ટોપ સેન્ટરનો સ્ટાફ, મહિલા અભયમ ૧૮૧ હેલ્પ લાઈનનો સ્ટાફ, ફિલ્ડ ઓફિસર, VTIના સ્ટાફ તેમજ વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ હાજર રહ્યાં હતાં.

# ભરૂચ મનરેગા કૌભાંડમાં હીરાભાઈ જોટવા અને પુત્રની ધરપકડના વિરોધમાં આહીર સમાજ દ્વારા રેલી કાઢી આવેદનપત્ર પાઠવ્યું

## 'ન્યાયિક કાર્યવાહી નહીં થાય તો આહીર સમાજ દ્વારા રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી'



(તસવીર : મુગલ અલતાફ, કોડીનાર)

(સંવાદદાતા દ્વારા)
કોડીનાર, તા.૧

ભરૂચમાં મનરેગા કૌભાંડ કેસમાં ગીર સોમનાથના જાણીતા આહીર અગ્રણી અને કોંગ્રેસ નેતા હીરાભાઈ જોટવા અને તેમના પુત્રની પોલીસ દ્વારા કરાયેલી ધરપકડને રાજકીય કિન્નાખોરી અને ષડયંત્રનો ભાગ ગણાવીને આજે આહીર સમાજ દ્વારા આંદોલન છેડવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સમાજના લોકો એકઠા થઈને રાજ્યના મુખ્યમંત્રીને સંબોધીને કલેક્ટર અને મામલતદારને આવેદનપત્ર પાઠવીને ધરપકડ મુદ્દે સખત વિરોધ નોંધાવ્યો હતો. આહીર સમાજનો મુખ્ય આક્ષેપ છે કે આ ધરપકડ પૂછપરછના બહાને કરવામાં આવી છે અને તે સંપૂર્ણપણે રાજકીય દ્વેષપૂર્ણ કાર્યવાહી છે. સમાજનું કહેવું છે કે, હીરાભાઈ જોટવા કે તેમના પરિવારની આ કૌભાંડમાં કોઈ સીધી સંડોવણી નથી. તેમ છતાં, કોઈ એક વ્યક્તિના કહેવાથી અને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ડાયરીમાં પૂછપરછ માટે લઈ જવાની નોંધ કરીને ભરૂચ પોલીસે તેમને લઈ ગઈ હતી. આહીર સમાજનો આક્ષેપ છે કે પૂછપરછના બહાને તેમને લઈ જઈને તેમની અટકાયત કરવામાં આવી અને કોઈ સીધી સંડોવણી ન હોવા છતાં FIR નોંધવામાં આવી, જે સંપૂર્ણપણે અયોગ્ય અને કુદરતી ન્યાયિક સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. આવેદનપત્રામાં વધુમાં જણાવાયું છે કે, જે પેઢી પર આક્ષેપો લગાવવામાં આવ્યા છે, તેમાં હીરાભાઈ કે તેમનો પરિવાર ન તો માલિક છે કે ન તો ભાગીદાર. સમાજનો દાવો છે કે ઓન-રેકોર્ડના પુરાવા વગર કિન્નાખોરીથી હીરાભાઈ અને તેમના પુત્રની ધરપકડ કરવામાં આવી છે અને તેમની સાથે જે પ્રક્રિયા થઈ રહી છે તે ન્યાયીક નથી. સમાજની અપીલ છે કે, હીરાભાઈ કે તેમના પરિવારને ખોટી રીતે હેરાન-પરેશાન કરવામાં ન આવે અને આ રાજકીય કિન્નાખોરી તાત્કાલિક બંધ કરવામાં આવે. જો આ મામલે ન્યાયિક કાર્યવાહી નહીં થાય તો આહિર સમાજ દ્વારા રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# જૂનાગઢ જિલ્લામાં મોહર્રમના તહેવાર સંદર્ભે કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

## મોહર્રમ નિમિત્તે વિવિધ તકેદારી અંગે તંત્રને કલેક્ટરની તાકીદ

જૂનાગઢ, તા.૧

આગામી તારીખ ૬ જુલાઈના રોજ મોહર્રમનો પર્વ યોજાનાર છે. જે શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાયે માટે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને આજરોજ બેઠક યોજાઈ હતી.

કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાયેલી આ બેઠકમાં તાજિયાના રૂટ, તેની પરવાનગી, તાજિયાના રૂટમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. તેમજ તાજિયાના જુલૂસ દરમ્યાન રખડતા ઢોર નડે નહીં એ માટેના પગલાં લેવા, રસ્તા રીપેરીંગ, વીજ પુરવઠો અવિરત શરૂ રહે સહિતની બાબતે તકેદારી રાખવા કલેક્ટરે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. ખાસ કરીને તાજિયા જે રૂટ પરથી નીકળનાર છે તે રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યાઓ ઉપસ્થિત ન થાય એ માટે જરૂરી બંદોબસ્ત રાખવા પણ જણાવ્યું હતું. આ તકે કલેક્ટરે સમય મર્યાદામાં સરઘસ, લાઉડ સ્પીકર વગેરેની પરવાનગી આપવા, દરેક પ્રાંત કચેરી ખાતે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત કરવા, તેમજ મોહર્રમ પર્વ અંતર્ગત જાહેરનામાની કડકાઈથી અમલવારી કરવા સંબંધીત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં જૂનાગઢ મ્યુનિસિપલ કમીશનર તેજસ પરમાર, નિવાસી અધિક કલેક્ટર સુ કે.બી. પટેલ, પ્રાંત અધીકારી, નાયબ પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓ તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ પટેલ(આપેલ નામ) Given Name અસ્મા મહમદ સલીમ (ઉપનામ Surname)થી બદલીને નવું નામ અસ્મા મહમદ સલીમ (આપેલ નામ Given name)પટેલ (ઉપનામ (Surname) રાખેલ છે

સરનામું : આશીયાના સોસાયટી મુ.પો. કંથારીઆ.તા.જિ.ભરૂચ-392001

**નામ બદલેલ છે**

મારૂં નામ કોવડીયા ફરહાનભાઈ રઉફભાઈથી બદલી કોવડીયા ફરહાન રઉફભાઈ રાખેલ છે

ગઢા, તા.હિંમતનગર, જિ. સાબરકાંઠા

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGED MY OLD FULL NAME-SURNAME FROM **KADUJEE ASIFMAHAMMED HASANBHAI** TO NEW FULL NAME-SURNAME **KADUJI ASIF MAHAMMAD** & I WILL BE KNOWN AS NEW FULL NAME-SURNAME WHICH PLEASE NOTE.

ADD:-GHANCHIVAD,KAVA BHAGOLPO. JAMBUSAR-392150 DIST.BHARUCH GUJARAT.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.

**PUBLIC ANNOUNCEMENT**

(scan this QR code to view the DRHP)

MILAN GROUP INDIA

**MILAN GINNING PRESSING LIMITED**

**CIN: U17119GJ1995PLC025604**

Our Company was originally incorporated as **'Milan Ginning Pressing Private Limited'** a private limited company under the Companies Act, 1956 at Gujarat, Ahmedabad, pursuant to a certificate of incorporation dated April 25, 1995, issued by Assistant Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli. Thereafter, name of our Company was changed from **'Milan Ginning Pressing Private Limited'** to **'Milan Ginning Pressing Limited'**, consequent to name change, pursuant to a special resolution passed by the shareholders of our Company on April 12, 2024, and a fresh certificate of incorporation consequent to change of name was issued by the Registrar of Companies, Central Processing Centre on June 21, 2024. For further details, please refer to chapter titled ***"History and Certain Corporate Matters"*** beginning on Page No. 213 of this Draft Red Herring Prospectus.

**Registered Office:** Revenue Survey No.555/P, Near Chorania 440KV Watt Sub Station, National Highway-8, Untadi, Surendra Nagar, Limbdi, Gujarat 363 421, India.
**Telephone:** 02753-299001; **E-mail:** cs@milangroupindia.com : **Website:** https://www.milangroupindia.com
**Contact Person:** Mr. Yashesh Vijaykumar Shah, Company Secretary & Compliance Officer;

**OUR PROMOTER: MOHMMADHASNEIN HUSENALI NARSINH, HUSENALI YUSUFALI NARSINH AND MINAJBANU HUSENALI NARSINH**

"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE LIMITED ("BSE SME")."

**THE ISSUE**

**INITIAL PUBLIC OFFER OF UPTO ₹ [•] CRORES EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH ("EQUITY SHARES") OF MILAN GINNING PRESSING LIMITED (THE "COMPANY") AT AN OFFER PRICE OF ₹ [•] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ [•] PER EQUITY SHARE) FOR CASH, AGGREGATING UPTO ₹ [•] LAKHS ("PUBLIC OFFER") COMPRISING A FRESH ISSUE OF UPTO [•] EQUITY SHARES AGGREGATING TO ₹ 7,600 LAKHS BY OUR COMPANY (THE "FRESH OFFER") AND AN OFFER FOR SALE OF UP TO 3,72,500 EQUITY SHARES BY MR. MOHMMADHASNEIN HUSENALI NARSINH AND HUSENALI YUSUFALI NARSINH ("THE SELLING SHAREHOLDER") AGGREGATING TO ₹ [•] LAKHS ("OFFER FOR SALE") OUT OF THE OFFER, [•] EQUITY SHARES AGGREGATING TO ₹ [•] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER ("MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC OFFER LESS MARKET MAKER RESERVATION PORTION I.E. OFFER OF [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH, AT AN OFFER PRICE OF ₹ [•] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UPTO ₹ [•] LACS IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE PUBLIC OFFER AND NET OFFER WILL CONSTITUTE [•] % AND [•] % RESPECTIVELY OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY AND THE PROMOTER IN CONSULTATION WITH THE BRLM AND WILL BE ADVERTISED IN ALL [•] EDITION OF [•] (A WIDELY CIRCULATED ENGLISH NATIONAL DAILY NEWSPAPER) AND [•] EDITION OF [•] (A WIDELY CIRCULATED HINDI NATIONAL DAILY NEWSPAPER, AND A GUJRATI REGIONAL NEWSPAPER (GUJRATI BEING THE REGIONAL LANGUAGE OF GUJRAT WHERE OUR REGISTERED OFFICE IS LOCATED), AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/OFFER OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO THE BSE LIMITED ("BSE") FOR THE PURPOSES OF UPLOADING ON THEIR WEBSITE IN ACCORDANCE WITH SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED (THE "SEBI ICDR REGULATIONS").**

In case of any revision in the Price Band, the Bid/Issue Period shall be extended for at least three additional Working Days after such revision of the Price Band, subject to the total Bid/Issue Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar circumstances, our Company may, for reasons to be recorded in writing extend the Bid/Issue Period for a minimum of three Working Days, subject to the Bid/Issue Period not exceeding 10 Working Days. Any revision in the Price Band, and the revised Bid/Issue Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges by issuing a press release and also by indicating the change on the website of the BRLM and at the terminals of the Members of the Syndicate and by intimation to Designated Intermediaries and Sponsor Bank as applicable.

This Issue is being made through the Book Building Process, in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 229 of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253 of the SEBI ICDR Regulations, wherein not more than 50.00% of the Net Issue shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs") (the "QIB Portion"), provided that our Company may, in consultation with the Book Running Lead Manager, may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("Anchor Investor Portion"), of which one-third shall be reserved for domestic Mutual Funds, subject to valid Bids being received from domestic Mutual Funds at or above the Anchor Investor Allocation Price. In the event of under-subscription, or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the Net QIB Portion. Further, 5.00% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders, including Mutual Funds, subject to valid Bids being received at or above the Issue Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5.00% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to QIBs. Further, not less than 15.00% of the Net Issue shall be available for allocation on a proportionate basis to Non-Institutional Investors out of which (a) one third of such portion is reserved for applicants with application size of more than 2 lots and up to such lots equivalent to not more than ₹ 10,00,000 and (b) two-third of such portion was reserved for applicants with application size of more than ₹ 10,00,000 provided that the unsubscribed portion in either of such subcategories could have been allocated to applicants in the other sub-category of Non-Institutional Bidders and not less than 35.00% of the Net Issue shall be available for allocation to Individual Investors who applies for minimum application size in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received from them at or above the Issue Price. All Bidders are required to participate in the Issue by mandatorily utilizing the Application Supported by Blocked Amount ("ASBA") process by providing details of their respective ASBA Account (as defined hereinafter) in which the corresponding Bid Amounts will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs") or under the UPI Mechanism, as the case may be, to the extent of respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Issue through the ASBA process. For details, see **"Offer Procedure"** on page **310** of this Draft Red Herring Prospectus.

This public announcement is being made in compliance with the Regulation 247 of SEBI (ICDR) Regulations, 2018 and SEBI (ICDR) (Amendment) Regulations, 2025 vide notification dated March 03, 2025, and applicability of corporate governance provisions under SEBI (LODR) Regulations, 2015 on SME companies to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt requisite approvals, market conditions and other considerations, to undertake initial public offering of its Equity Shares pursuant to the offer and DRHP dated June 30, 2025 which has been filed with the SME Platform of BSE Limited.

Pursuant to SEBI (ICDR) (Amendment) Regulations, 2025 on March 03, 2025 and applicability of corporate governance provisions under SEBI (LODR) Regulations, 2015 on SME companies, for fulfilling all additional eligibility criteria, the DRHP filed with the SME Platform of BSE Limited (BSE SME) shall be made available to the public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the website of the BSE at https://www.bseindia.com/ and the website of the Company at https://www.milangroupindia.com and at the website of BRLM i.e PNB Investment Services Limited at https://www.pnbisl.com/ Our Company hereby invites the members of the public to give their comments on the DRHP filed with the SME Platform of BSE Limited (BSE SME) with respect to disclosures made in DRHP. The members of the public are requested to send a copy of their comments to Stock Exchange, to Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM at their respective addresses mentioned below. All comments must be received by BSE, and/or our Company and/or Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM in relation to the offer on or before 5 p.m. on the 21st day from the aforesaid date of filing the DRHP with BSE SME.

Investments in Equity and Equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares issued in the Issue have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to the section ***"Risk Factors"*** beginning on page 28 of the Draft Red Herring Prospectus.

Any decision to invest in the equity shares described in the Draft Red Herring Prospectus may only be taken after a Red Herring Prospectus has been filed with the ROC and must be made solely on the basis of such Red Herring Prospectus as there may be material changes in the Red Herring Prospectus from the Draft Red Herring Prospectus. The equity shares, when offered through the Red Herring Prospectus, are proposed to be listed on SME Platform of BSE **('BSE SME')**. For details of the share capital and capital structure of our Company and the names of the signatories to the Memorandum of Association and the number of shares subscribed by them of our Company, see **"Capital Structure"** beginning on page 86 of the Draft Red Herring Prospectus. The liability of the members of our Company is limited. For details of the main objects of our Company as contained in our Memorandum of Association, see ***"Our History and Certain Corporate Matters"*** beginning on page 213 of the Draft Red Herring Prospectus.

| BOOK RUNNING LEAD MANAGER | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| pnb investment services ltd. | KFINTECH EXPERIENCE TRANSFORMATION | **Mr. Yashesh Vijaykumar Shah**<br>**Address:** Revenue Survey No.555/P, Near Chorania 440KV Watt Sub Station, National Highway-8, Untadi, Surendra Nagar, Limbdi, Gujarat 363 421, India<br>**Tel.:** 02753-299001<br>**E-mail:** cs@milangroupindia.com<br>**Website:** www.milangroupindia.com |
| **PNB Investment Services Limited**<br>**SEBI Registration Number:** INM000011617<br>**Address:** PNB Pragati Towers, 2nd Floor, Plot No. C-9, G- Block, BKC, Bandra (E), Mumbai – 400 051, Maharashtra, India.<br>**Telephone No:** +8435202707/ 8422009515<br>**Website:** www.pnbisl.com<br>**Email ID:**.milan@pnbisl.com<br>**Contact Person:** Debanjan Ghatak/ Sayalee Gaikwad | **Kfin TECHNOLOGIES LIMITED**<br>**SEBI Registration No.:** INR000000221<br>**Address:** Selenium, Tower B, Plot No-31 & 32, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad, Rangareddi – 500 032, Telangana, India<br>**Telephone No:** +91 40 6716 2222/18 0030 9400<br>**Website:** www.kfintech.com<br>**Email ID:** mgl.ipo@kfintech.com<br>**Contact Person:** M. Murli Krishna | *Investors can contact our Company Secretary and Compliance Officer, the Lead Managers or the Registrar to the Issue, in case of any pre-issue or post-issue related problems, such as non-receipt of letters of allotment, non-credit of allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode etc.* |

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP.**

For **MILAN GINNING PRESSING LIMITED**
On Behalf of the Board of Directors
Sd/-
**Mr. Yashesh Vijaykumar Shah**
Company Secretary and Compliance Officer

Place: Gujrat
Date: July 02, 2025

**Disclaimer: Milan Ginning Pressing Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the Draft Red Herring Prospectus on June 30, 2025. The Draft Red Herring Prospectus is available on the website of BSE SME at https://www.bseindia.com/ and is available on the websites of the BRLM at https://www.pnbisl.com and also on the website of the Company https://www.milangroupindia.com. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see section titled ***"Risk Factors"*** beginning on page 28 of the Draft Red Herring Prospectus. Potential investors should not rely on the Draft Red Herring Prospectus for making any investment decision. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "Securities Act") or any state securities laws in the United States, and unless so registered, and may not be issued or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. State Securities laws. The Equity Shares are being issued and sold outside the United States in 'offshore transactions' in reliance on Regulation "S" under the Securities Act and the applicable laws of each jurisdiction where such issues and sales are made. There will be no public offering in the United States.

FORTUNA + SHARK